# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19/09/2026** **Morning : 7.10 to 7.20**

**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી દ્વારા રોજગાર મેળા અંતર્ગત નિમણૂંક પામેલા ઉમેદવારોને વડિયો કોન્ફરન્સ દ્વારા નિયુક્તીપત્રો એનાયત થશે. અમદાવાદમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા ઉપસ્થિત રહેશે.**
2. **પંચમહાલમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડનગરથી વારાણસી સુધીની બાઇક રેલીને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવકારશે.**
3. **રાજકોટમાંથી 512 કિલો ભેળસેળયુક્ત ઘીનો જથ્થો જપ્ત.**
4. **રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં 224 તાલુકાઓમાં વરસાદ. અમદાવાદ અને છોટાઉદપુરમાં ભારે વરસાદની આગાહી.**
5. **રિલાયન્સ કપ ફૂટબોલમાં અરવલ્લી, સુરેન્દ્રનગર અને ભરુચની ટીમો નોક આઉટમાં પ્રવેશી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM ROJGAR MELO NIMUBEN BAMBHANIYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રોજગાર મેળા અંતર્ગત વિવિધ જગ્યાઓ પર નિયુક્ત થયેલા ઉમેદવારોને વીડિઓ કોન્ફરન્સના માધ્યમથી નિમણૂંકપત્રો એનાયત કરશે. આ પ્રસંગે અમદાવાદમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમૂબેન બાંભણિયા ગુજરાત યુનિવર્સિટી ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# PANCHMAHAL HARSH SANGHVI

પંચમહાલ જિલ્લામાં ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વડનગરથી વારાણસી સુધીની બાઇક રેલીના સંદર્ભે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુ વાઘાણી આજે વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

બાઇક રેલીનુ શ્રી સંઘવી સવારે હાલોલ ચંદ્રપુરા ચોકડી ખાતે સ્વાગત કરશે. ત્યારબાદ ગુજરાત નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી ખાતે ખેડૂતો સાથે કૃષિ પરિસંવાદ તથા ઘોઘંબા ખાતે સ્વચ્છતા અભિયાન અને ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરશે

# SEVA SANKALP-WATER REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર આને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે અમે સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યા છે. આ કડીમાં આજે અમે માહિતી આપી રહ્યા છીએ જળ સુધારા વિશે.

**( વોઇસઓવર – MAYUR SOLANKI )**

ગુજરાત લાંબા સમયથી દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરતું આવ્યું હતું. ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સૌની યોજના દ્વારા નર્મદાનું પાણી સૌરાષ્ટ્રના જળાશયો સુધી પહોંચાડયું, જેના પરિણામે 10 લાખ એકરથી વધુ વિસ્તારમાં સિંચાઈની સંભાવના ઊભી થઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સૌની યોજનાએ કચ્છ-સૌરાષ્ટ્રને નવું જીવન આપ્યું છે.

[બાઇટ : પ્રધાનમંત્રી]

અમરેલીના વાકિયા ગામના લાભુબેન સારોલાએ કહ્યું, સૌની યોજનાથી હવે નબળા ચોમાસા દરમિયાન પણ સારું ઉત્પાદન શક્ય બન્યું છે.

[બાઇટ : લાભુબેન સારોલા, લાભાર્થી]

2017ના કેગના અહેવાલમાં નોંધવામાં આવ્યું કે રાજ્યમાં 2002ની સરખામણીમાં ભૂગર્ભજળના પુનઃભરણમાં આશરે 50 ટકાનો વધારો થયો. ત્યારે જળ સુરક્ષાએ ગુજરાતના વિકાસ માટે મજબૂત પાયો પૂરો પાડ્યો. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

# DISTRICT SEVA SANKALP ABHIYAN

સમગ્ર ગુજરાતમા અનેકવિધ કાર્યક્રમ થકી સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી થઈ રહી છે.

નડિયાદના ઉત્તરસંડા ખાતે સખી મંડળ અને ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલી મહિલાઓ સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'માતૃસંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે જ શ્રી  સંઘવી, સંજયસિંહ મહિડા અને પંકજભાઈ દેસાઈએ સરદાર પટેલના જન્મ સ્થળની પણ  મુલાકાત લીધી હતી.

કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીની ઉપસ્થિતિમા ભાવનગર શહેર ભાજપ દ્વારા રક્તદાન શિબિર અને અંગદાન સંકલ્પ કાર્યક્રમ યોજાયો. આ સાથે જ કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં કોળીયાક બીચ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાતા દર મહિનાના છેલ્લા રવિવારે ભાવનગર શહેર અને જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનો સંકલ્પ પણ કરવામા આવ્યો.

રાજકોટ જિલ્લામાં અને તમામ તાલુકા મથકે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.રાજકોટ શહેર અને જિલ્લામાં યોજાયેલી શિબિરોમાં 803 યુનિટ બ્લડ એકત્ર કરાયું હતું.

મહેસાણામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જનભાગીદારીના વિવિધ કાર્યક્રમો થકી છેવાડાના માણસ સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવાનો નિર્ણય કરવામા આવ્યો છે.

# RAJKOT NAKLI GHEE

રાજકોટમાં 512 કિલો નકલી ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ નકલી ઘી બજારમાં  400 થી 1700 રૂપિયા પ્રતિ કિલોના ભાવે ગ્રાહકોને વેચવામા આવતુ હતું.  રાજકોટ SOGની ટીમે કેવડાવાડી મેઇન રોડ પર આવેલી 'વોલ્ગા ઘી ડેપો' નામની દુકાનમાં દરોડો પાડીને આ નકલી ઘીનુ કૌભાંડ ઝડપી પાડ્યું છે.સોયાબીન ઓઇલ, વનસ્પતિ ઘી અને અન્ય ડેરી સામગ્રીનું મિશ્રણ કરીને આ નકલી ઘી તૈયાર કરાતુ હતું.

ગ્રાહકોને છેતરવા માટે આ નકલી ઘી પર 'જામખંભાળિયાનું શુદ્ધ ભેંસનું ઘી', 'ગૌશાળાનું શુદ્ધ દેશી ગાયનું ઘી', 'કામધેનુ પ્રીમિયમ ઘી', 'માધવનું ઘી' અને 'વીર ગાયનું ઘી' જેવાં આકર્ષક સ્ટીકરો લગાવીને ડબ્બાઓ તેમજ પ્લાસ્ટિકની બોટલોમાં પેક કરવામાં આવતું હતું. પોલીસે સ્થળ પરથી 260 જેટલા 'હોમમેડ કાઉ ઘી'ના ખાલી ડબ્બા અને 150 થી વધુ સ્ટીકરો પણ જપ્ત કર્યા છે.

# PTC EDUCATION

રાજ્યની 209 PTC કોલેજની 18 હજાર 625 બેઠકોમાં પ્રવેશ મેળવવા માટે આગામી 24 સપ્ટેમ્બરથી કોલેજ પસંદગીની પ્રક્રિયા શરૂ થશે. વિદ્યાર્થીઓ 24 સપ્ટેમ્બરથી લઈને 28 સપ્ટેમ્બર સુધી ઓનલાઇન ચોઇસ ફિલિંગ કરી શકશે. ધોરણ-12 પછી  પીટીસી કોલેજના કોર્સમાં પ્રવેશ માટે અંદાજે  61 હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. પ્રવેશ સમિતિ દ્વારા 22 સપ્ટેમ્બરે કોલેજો અને ખાલી બેઠકોની આખરી યાદી સત્તાવાર વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# AMBHAJI PADYATRA SURKSHA

**અંબાજી જતા પદયાત્રીઓની રાત્રિ સુરક્ષા માટે મહીસાગર ARTO કચેરી રેડિયમ સ્ટિક, સેફ્ટી જેકેટ અને નાઇટ ગ્લોઇંગ બેન્ડનું વિતરણ કરાયું હતું.**

**"સુરક્ષિત પદયાત્રા, સુરક્ષિત યાત્રા – માર્ગ સલામતી સૌની જવાબદારી"ના સલામતીના મંત્ર સાથે જિલ્લામાંથી પસાર થતા માર્ગો પર પદયાત્રીઓને રાત્રિના અંધકારમાં વાહન અકસ્માતથી બચાવવા માટે રેડિયમ સ્ટિક, રેડિયમ રિફ્લેક્ટર, સેફ્ટી જેકેટ તથા નાઇટ ગ્લોઇંગ રિસ્ટ બેન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાધનોના ઉપયોગથી રાત્રિ દરમિયાન દૂરથી આવતા વાહનચાલકોને પદયાત્રીઓ સ્પષ્ટપણે દ્રશ્યમાન થાય છે, જેથી અકસ્માતનો ભય નિવારી શકાય છે.**

# ARVALLI VISAMO

અંબાજી તરફ પગપાળા જતા પદયાત્રીઓની સેવા માટે શામળાજી રોડ પર અરવલ્લી જિલ્લા ઈલેક્ટ્રોનિક્સ મીડિયા એસોસિએશન દ્વારા સતત પાંચમા વર્ષે પદયાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પનું ઉદ્ઘાટન મંત્રી પી. સી.બરંડાના હસ્તે કરવામાં આવ્યું હતું. મંત્રી પી. સી. બરંડાએ કેમ્પ ખાતે પહોંચેલા પદયાત્રીઓનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે પદયાત્રીઓને ખીચડી પીરસી સેવા કાર્યમાં સહભાગી થયા હતા.

**(બાઈટ - પી. સી. બરંડા, મંત્રી, રાજ્ય સરકાર)**

*("અંબાજી માતાના દર્શનાર્થે જતા પગપાળા યાત્રિકોને અહીંયા એક સરસ મજાનો ડોમ યાત્રાળુઓને બેસવા માટે, જમવા માટે આ એક અનોખો પ્રયાસ કર્યો છે અને આજે મા અંબાના દર્શનાર્થે ભાદરવી પૂનમે અહીંથી ગુજરાતની અંદર આખા ગુજરાતથી, આખા રાજસ્થાન, મધ્ય પ્રદેશથી યાત્રાળુઓ જાય છે ત્યારે અનોખો આ એક સેવાનો પ્રયોગ આ પત્રકાર મિત્રોએ કર્યો છે")*

# BHAVNAGAR ARREST

ભાવનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા કોમ્બિંગ નાઈટમાં વાહન ચેકિંગ કરવામાં આવ્યુ હતું. આ  દરમિયાન પૂરપાટ ઝડપે કાર લઈને ભાગેલા શખ્સોનો પીછો કરનાર બોર તળાવ પોલીસ મથકના બે પોલીસ કર્મચારીઓ પર કાર ચઢાવી જીવલેણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે સમય સૂચકતા વાપરીને નાસી છૂટેલા બંને આરોપીઓને સ્થળ પરથી જ ઝડપી લઈ ગુનો દાખલ કર્યો હતો.

# DISTRICT RAIN

રાજ્યભરમા પડેલા ભારે વરસાદના પગલે છેલ્લા **24** કલાકમા **224** તાલુકામા વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ગીર સોમનાથના ગીર ગઢડામા **3** ઈંચ, અરવલ્લીના મેઘરજમા **3** ઈંચ અને અમદાવાદ શહેરમા પણ આશરે **3** ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આ સાથે જ ભારે વરસાદના પગલે અનેક ડેમોમા નવા નીરની પણ આવક થઈ છે.

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં આવેલ શેત્રુંજી ડેમ ફરી છલકાયો છે. ડેમની જળસપાટી જાળવી રાખવા શેત્રુંજી નદીના પટમાં પાણી છોડવામા આવી રહ્યુ છે. નદીમાં પાણી છોડાતા તંત્ર દ્વારા પાલીતાણા અને તળાજા તાલુકાના 17 ગામો માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# WEATHER

હવામાન વિભાગે આજે અમદાવાદ સહિત છોટાઉદેપુર અને દાહોદમાં ભારે વરસાદની  નાંરગી રંગની ચેતવણી જાહેર કરી છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પીળા રંગની ચેતવણી જાહેર કરીને વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના વડા ડોક્ટરે એ કે દાસે જણાવ્યુ હતું કે પવન ફૂંકવાની પણ શક્યતા છે.

**(બાઇટ - ડો.એ. કે દાસ, હવામાન વિભાગના વડા)**

***("तटीय क्षेत्रों में अभी जो पवन का दिशा रहेगा दक्षिण-पश्चिम से पश्चिम दिशा से पवन चलने का स्थिति बने रहेंगे और स्टीप प्रेशर ग्रेडियंट के कारण जो स्पीड है 30 से 40 किमी प्रति घंटा के साथ रहेगा स्पीड और गस्टिंग स्पीड 50 किमी प्रति घंटा होने का संभावना रहेगा। अभी बारिश का जो स्थिति है गुजरात स्टेट में 616.8 एमएम बारिश हुआ है जो सामान्य स्थिति 673.9 होना चाहिए, -8% डेफिसिट है।")***

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબોલ અસોશિએશન દ્વારા આયોજિત રિલાયન્સ કપ સીનીયર મેન્સ ઇન્ટર ડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટમાં અરાવલી, સુરેન્દ્રનગર અને ભરુચની ટીમો નોક આઉટમાં પહોચી છે.

ગાંધીનગર ખાતે આયોજીત આ ટૂર્નામેન્ટની ક્વોલિફાયરની મેચમાં સુરેન્દ્રનગરે સુરતની ટિમ ને 3-0 , અરવલ્લીએ મહેસાણાને 2-1થી પરાજ્ય આપીને નોક આઉટમાં પ્રવેશ કર્યો હતો જ્યારે આજે  વલસાડ અને ભાવનગર  વચ્ચે, કચ્છ અને નવસારી વચ્ચે અને ગીર દેવભૂમિદ્વારિકાની ટીમ તથા સાબરકાંઠાની ટીમ વચ્ચે મેચ રમાશે.

# PANCH MAHAL ROJGAR MELO

પંચમહાલ - ગોધરામાં ક્લસ્ટર કક્ષાનો રોજગાર મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલા મેળામાં 45 થી વધુ નામાંકિત કંપનીઓએ યુવાનોને રોજગારીની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલ અને ધારાસભ્ય નિમિષા સુથાર સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. એપ્રેન્ટિસશિપ, ડિફેન્સ ક્ષેત્ર, IT કૌશલ્ય તાલીમ, ઇન્ટરવ્યૂ કૌશલ્ય તેમજ નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.